
# શ્રી સ્વામીનારાયણ પોલીટેકનીકે મેળવ્યો ‘આપવાનો આનંદ’





આજનો આધુનિક યુગની માનવી ધર્મ અને નાત જાતના વાડામાં બંધાઈ ગયો છે અને એ ભૂલી જ ગયો છે કે માનવતા એ માણસનો પરમ ધર્મ છે. માનવ પ્રત્યેની સંવેદનશીલ ભાવના એજ સાચી માનવતા. ઉપરોક્ત પંક્તિઓને ઉજાગર કરતો અવસર એટલે શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિક માં ઉજવાયેલ **"GIVE& JOY DAY"**. બુધવારના રોજ શ્રી સ્વામિનાયણ પોલીટેકનિક માં **"GIVE& JOY DAY"** ની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિક ના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ પોતાના ઘરેથી ફળ ફળાદી, બિસ્કીટ, ચીકી અને પોતાના જરૂરિયાત ન હોય તેવા વસ્ત્રો તેમજ જીવન જરૂરિયાતની વસ્તુઓ લાવ્યા હતા. અને એ તમામ આજના દિવસે સંસ્થાના સ્ટાફ મિત્રો તેમજ ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા ગરીબ તેમજ જરૂરિયાતમંદ લોકોમાં વહેચવામાં આવ્યા હતા. તથા સાથે કોલેજના સ્ટાફમિત્રો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સેક્ટર - ૨૮ માં આવેલ મુક બધિર શાળામાં મુક બધિર વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે ચોપડા, પેન્સિલ, રબર, સંચો, પેન વાળી અભ્યાસ કીટ, ફળ ફળાદિ, બિસ્કીટ અને ચીકી આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવેલ જરૂરિયાત મંદોને જીવન જરૂરિયાત તેમજ ખાદ્ય સામગ્રી આપી માનવતાલક્ષી કાર્યથી વિદ્યાર્થીઓને એક અનોખી શીખ મળી અને તે ભવિષ્યમાં પણ માનવતાનું કામ કરશે તેવો આજે દ્રઢ નિશ્ચય કર્યો હતો. આજે **"GIVE& JOY DAY"**ના ખ્યાલને તેમણે ખરા અર્થમાં સાર્થક કર્યો હતો અને જરૂરિયાતમંદોએ તેમજ મુક બધિર વિદ્યાર્થીઓએ આ કારણે ખુશીની દિવાળી ઉજવી હતી.

## જન્મદિને વધામણી



પ્રવીણ ઠક્કર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં દિવાળી સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. બાળકોએ જાતે માટીનાં કોડિયાં બનાવીને તેને રંગોથી સજાવ્યાં હતાં. તેમણે પોતાના ક્લાસરૂમમાં ફૂલોથી રંગોળી પણ તૈયાર કરી હતી. આચાર્ય દિપાલી જોષી અને અને શિક્ષકો પણ વિદ્યાર્થીઓ સાથે આ ઉજવણીમાં જોડાયાં હતાં.

## એસજી-એસવી સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ માટે પિકનિક




એસજી અને એસવી સ્કૂલમાં અભ્યાસ કરતા ધોરણ-૧થી૮ ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧ અને ૨ ના ૧૭૮ વિધ્યાર્થીઓને અમદાવાદમાં આવેલ પ્લેઝર ક્લબ, ધોરણ-૩ અને ૪ના ૧૬૩ વિદ્યાર્થીઓને સાણંદમાં આવેલ અને ધોરણ-૫ થી ૮ના ૨૨૮ વિદ્યાર્થીઓને વડોદરામાં આવેલ આતપી વંડરલેન્ડમાં લઈ જવાયા હતા. વિદ્યાર્થીઓને આ પિકનિકમાં બહુ જ મઝા આવી હતી. સમગ્ર સ્ટાફના સહકારથી પિકનિક સફળ રહી હતી.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલમાં બુધવારે દિવાળી પર્વની ઉજવણી કરવામા આવી હતી. શાળા પ્રાંગણમાં વિદ્યાર્થીઓએ ખૂબ સુંદર વર્ગ સુશોભન તેમજ રંગોળી દ્વારા દિવાળીના પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. શાળાના ટ્રસ્ટી, ડાયરેક્ટર, આચાર્ય તેમજ શિક્ષકોએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી તથા શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામો પણ એનાયત કર્યાં હતાં.



ગાંધીનગર, તા. ૨૩

જિલ્લાકક્ષાના અંધજનોના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં પ્રકાશ વિદ્યાલય, રખીઆલના દિવ્યાંગ વિદ્યાર્થી દિપક કાળુસિંહ ઝાલાએ ગોળા ફેંકમાં પ્રથમ અને બરછી ફેંકમાં પ્રથમ તથા ધવલ પ્રવીણભાઈ પંચાલે લાંબીકૂદમાં પ્રથમ, ગોળાફેંકમાં દ્વિતીય, ૧૦૦ મીટર દોડમાં તૃતિયિ ક્રમાંક પ્રાપ્ત કરીને વિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે. આચાર્ય પરેશભાઈ શાહ અને માર્ગદર્શક વિશ્વ મિસ્ત્રી, હર્ષદ ગુર્જર અને કોચ ચીનુભાઈ ભરવાડે બંને વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### દિવાળીનો તહેવાર આવી પહોંચ્યો છે ને પુનઃ ફટાકડા ન ફોડવા માટેની સલાહો આવી રહી છે ત્યારે ગાંધીનગર આપે છે જવાબ એક અગત્યના સવાલનો -

# દિવાળીમાં ફટાકડા ફોડવા કે નહીં ?



દિવાળીમાં ફટાકડા ફોડવાની ખૂબ જ મજા આવે છે. ચકરડી, કોઠી અને રોકેટ મારા ખૂબ જ પ્રિય ફટાકડા છે. રોકેટથી આકાશમાં ખૂબ જ સરસ રંગો અને ડિઝાઈન થાય છે તે જોવાની ખૂબ જ મજા આવે છે. હું દિવાળીમાં રોજ રંગબેરંગી અને અલગ અવાજવાળા ફટાકડા ફોડું છું.

- ધ્યાની બારોટ



દેશમાં લાખો લોકો ફટાકડાના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેમનું જીવન નિર્વાહમાત્ર આ વ્યવસાય ઉપર ટકેલું છે. આ લોકો સ્વાસ્થ્ય અને જીવના જોખમે વ્યવસાયમાં સંકળાયેલા છે. આ લોકોની રોજગારી છિનવાઈ ના જાય તેનું આપણે ધ્યાન રાખવું જોઈએ.

- બિંદિયા બારોટ



દિવાળીમાં ફટાકડા ફોડવા એ વર્ષોથી ચાલી આવતી પરંપરા છે, જે આપણને ખરા અર્થમાં રામાયણ યુગની યાદ અપાવે છે. જેમાંથી આપણને ખરા અર્થમાં આનંદની અનુભૂતિ થાય છે જેથી કરીને ફટાકડા ફોડી ખરા અર્થમાં દિવાળીનો તહેવાર મનાવતા હોય એવું લાગે છે..

- ભૂપેન્દ્રભાઈ પંડ્યા



હું હંમેશાં નવા વર્ષની ઉજવણી ફટાકડા ફોડીને જ કરું છું. કારણ કે ફટાકડાના રંગબેરંગી પ્રકાશ, અવાજ, ઝગમગાટ મારા મનને મંત્રમુગ્ધ કરી દે છે. જેથી જીવનમાં એક અલગ જ અનુભૂતિ થાય છે અને એક અલગ જ રોમાંચ જોવા મળે છે.

- યશ રાવ



આપણા વડીલોના કહેવા મુજબ ફટાકડા ફોડવાથી તેમાંથી નીકળતા ધુમાડાથી ઘરની આજુબાજુના જીવજંતુઓ નાશ પામે છે. તથા તેના ભારે ધ્વનિતરંગો પણ જીવજંતુઓ ઉપર અસર કરે છે અને અનેક રોગોથી બચી શકાય છે.

- સુનિલ નાયક



ફટાકડા ફોડવાના ફાયદા કરતાં ગેરફાયદા ખૂબ જ છે. જેવા કે પૈસાનો વિનાશ, ઝેરી ધુમાડો, અસહ્ય અવાજ, અકસ્માત, કચરો વગેરે. ફટાકડા ફોડવાથી વાતાવરણમાં નાઈટ્રસ ઓક્સાઈડ, સલ્ફર, કેડમિયમ જેવા ઝેરી વાયુઓ ફેલાય છે જે શ્વાસમાં લેવાથી દમનો હુમલો થવાની શક્યતા વધી જાય છે. સલામતી, સુરક્ષા અને સારા વાતાવરણ માટે ફટાકડા પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

- જીગર બારોટ



આજકાલ થોડા સમયથી સરકાર ગ્રીન ફટાકડા ફોડવા પર ભાર આપીરહી છે, પરંતુ ગ્રીન ફટાકડા ફોડવામાં અસલી ફટાકડા ફોડવા જેવી મજા આવતી નથી. આ તો એના જેવું થયું કે આપણે ટીવી કે મોબાઈલમાં કાશ્મિર જોઈએ અને રૂબરૂ જઈને કાશ્મીર જોઈએ એવો ફરક છે.

- આશિષ સોની



દિવાળી ખુશીઓનો તહેવાર છે. પણ આ તહેવારમાં ફટાકડા ફોડવાથી ઘણી વખત આ ખુશીઓ દુખમાં ફેરવાઈ જાય છે જેમ કે ફટાકડાના અવાજથી અમારાં ઢોર-ઢાંખર ગભરાઈ જાય છે તથા ખેતરમાં રાખેલાં સુકાં પૂળાં, અમાજ વગેરે ઉપર આગ પડવાથી અકસ્માત થવાનો ભય રહે છે

- રાવજીભાઈ



ફટાકડાના કચરાથી ઘર અને સોસાયટીમાં ખૂબ જ કચરો અને ગંદકી ફેલાય છે. ઘણી વખત કચરાના ઢગલામાં ફૂટ્યા વિનાના ફટાકડાથી દાઝી જવાનો ભય પણ રહે છે. ફટાકડાના ધુમાડા ઘણી વખત શ્વાસમાં જવાથી સ્વાસ્થ્યને પણ નુકસાન થાય છે.

- મધુબેન



ફટાકડા ફોડવાને તો માત્ર પરંપરાનું નામ આપવામાં આવ્યું છે. રામ અને સીતા ૧૪ વર્ષના વનવાસથી પરત ફર્યા ત્યારે ફટાકડા નહોતા ફોડવા આવ્યા પરંતુ નગરમાં દિવા પ્રગટાવ્યા હતા. ફટાકડા ફોડવાથી તો માત્ર અને માત્ર પર્યાવરણને નુકસાન જ થાય છે અને સાથે સાથે પૈસાની બરબાદી પણ થાય છે.

- સુનીતા સોની



ફોડવા જોઈએ કેમ કે, આપણે દિવાળી ઉજવીને જ બાળપણ વિતાવ્યું છે. કદાચ અત્યારે પ્રદુષણનો વિષય માની આપડે જવાબ ના આપીએ. પરંતુ આપણા વિતેલા બાળપણની જેમ હાલ નાનાં ભૂલકાઓની દિવાળી ચાલે છે. એમની ખુશી માટે દિવાળી કરવી જોઈએ. મોટા પાયે નહિ પરંતુ નાના પાયે ફટાકડા તો ફોડવા જ જોઈએ.

- દિપાલી માળી



ફટાકડા ફોડવાથી પર્યાવરણને નુકશાન થાય છે એટલે ફટાકડા ફોડવા જોઈએ નહીં તાજેતરમાં ગ્રીનહાઉસ અસરને જોતાં લાગે છે કે આવતા થોડા વર્ષોમાં વાતાવરણમાં અનેક ફેરફારો જોવા મળશે. આવતી પેઢીનું વિચારીને આપણે સૌએ ફટાકડા ફોડવા જોઈએ નહીં.

- જયદિપસિંહ રાણા



હા, ફોડવા જોઈએ. કારણ કે, ફટાકડા ફોડવા એ શુકન ગણાય છે, એટલે ફટાકડા શુકન માટે ફોડવા જોઈએ તથા નાના છોકરાઓને ધ્યાનમાં રાખીને ફટાકડા ફોડવા જોઈએ. તેમને આનંદિત કરવા માટે ફટાકડા ફોડવા જોઈએ. જેથી કરીને દિવાળી વિશે ભવિષ્યની પેઢીને ખ્યાલ રહે.

- રાજુભાઈ થાપા



પર્યાવરણને નુકસાન ખાલી ફટાકડાથી જ થાય છે ? અને દિવાળીના ફટાકડાથી જ થાય છે એવું છે ? વેરી ફની !

- દિપલ પરમાર



હા, ફોડવા જોઈએ. કારણ કે, ભગવાન જ્યારે વનવાસથી પરત ફર્યા ત્યારે રામના આગમન વખતે તેમના સ્વાગત માટે ફટાકડા ફોડવામાં આવ્યા હતા. ભગવાન રામે લંકા પર વિજય પ્રાપ્ત કર્યો એટલે આ વિજયોત્સવ રૂપે દિવાળીનો તહેવાર મનાવવામાં આવે છે. ફટાકડા એ માટે પણ ફોડવા જોઈએ કે, ચોમાસા દરમિયાન જે જીવાતો થાય છે તે જીવાતો આ ફટાકડા ફોડવાથી નાશ પામે છે. જેનો ફાયદો આપણને થાય જ છે.

-દિનેશભાઈ કડિયા

ફટાકડા ફોડવા જોઈએ પણ સામાન્ય પ્રકારના એટલે કે, નાના તારામંડળ, દોરી, કોઠી, નાના ફટાકડા વગેરે જેવા ફટાકડા ફોડવા જોઈએ. જેથી પ્રદૂષણ ઓછું ફેલાય. ફટાકડા ઓછા ફોડવા જોઈએ જેથી કરીને અસ્થમા જેવી બિમારીમાં જે લોકોને શ્વાસ લેવામાં તકલીફ ન પડે.

- ચેતનભાઈ ગરાસિયા

ફટાકડા ના ફોડવા જોઈએ. ફટાકડા ફોડવાથી પ્રદૂષણ થાય છે અને પૈસા નો બગાડ થાય છે.

- જ્યોતિબેન વિઠ્ઠલાપરા

મુલાકાત લેનાર : જીગર બારોટ - મૌલિક સિસોદીયા, કેએસવી પત્રકારત્વ વિભાગ